ખાસ જરૂરી

ક્રમાંક: હ-૨/સ્કો/૨૦૨૦-૨૧/૨૨૧૫૯
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં: ૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર
તા.૩૧/૦૭/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, તમામ

વિષય:- Digital Gujarat Portal પર SC / ST / SEBC/ EBC / NT-DNT / Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / સાયકલ સહાય યોજનાઓનો ઓનલાઇન અમલ કરવા બાબત (વર્ષ ૨૦૨૦-૨૧) (ધોરણ: ૯ થી ૧૦)

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષ:૨૦૨૦-૨૧ ની SC / ST / SEBC/ EBC / NT-DNT / MINORITYના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / સાયકલ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો મંગાવી કરવામાં આવે છે.

ઉક્ત બાબતે માધ્યમિક શાળાઓને તમામ પ્રિમેટ્રીક શિષ્યવૃતિયોજના / સાયકલ સહાય યોજનાના પાત્રતા ધરાવતા વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓની એન્ટ્રી ડિજિટલ ગુજરાત પોર્ટલમાં કરવાની, તમામ વિદ્યાર્થીઓની એંટ્રી થઇ ગયા બાદ રાજ્યકક્ષાએથી જ્યારે વિદ્યાર્થીઓના બેંક ખાતાને વેરીફાઇ કરવામાં આવે ત્યારબાદ યોજનાવાર ઓનલાઇન પ્રપોઝલ બનાવવાની સૂચનાઓ જિલ્લાની SC / ST / OBC કચેરીઓએથી અગાઉ આપવામાં આવેલ છે.

આમ તમામ આચાર્યશ્રીઓને પ્રિમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની કામગીરી તાત્કાલિક પૂર્ણ કરાવવા આપની કક્ષાએથી પણ જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે. ગત વર્ષે આચાર્યશ્રીઓને ડિજિટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃતિની કામગીરી કરવા જે ID/Password આપવામાં આવેલ હતા તેની જ મદદથી ચાલુ વર્ષે પણ કામગીરી થઇ શકશે જેની જાણ તમામ આચાર્યશ્રીઓને કરવાની રહેશે.

શાળાકક્ષાએ વિદ્યાર્થીઓની એંટ્રી કરવાની કામગીરી, પ્રપોઝલ બનાવવાની કામગીરી, પ્રપોઝલને ઓનલાઇન સેન્ડ કરવાની કામગીરી સહિતની તમામ કામગીરી તા:૩૧/૦૮/૨૦૨૦ સુધીમાં પૂર્ણ થઇ જાય તે મુજબ આયોજ્ન કરવાનુ રહેશે. વધુમાં શાળામાં પાત્રતા ધરાવતા કોઇપણ વિદ્યાર્થી શિષ્યવૃતિથી વંચિત ન રહી જાય તેની પણ કાળજી લેવાની રહેશે. ડિજિટલ ગુજરાત પોર્ટલની કામગીરીને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ જે તે ખાતાના જિલ્લા અધિકારીશ્રીના સંપર્કમાં રહીને તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓને સૂચનાઓ આપી સંબધિતો પાસેથી તાત્કાલિક કામગીરી પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં ચાલુ વર્ષથી તમામ જિલ્લાઓમાં E-Kuber પધ્ધતિનુ ઇમ્પ્લીમેન્ટેશન શરૂ થયેલ હોય ચાલુ વર્ષથી જે વિદ્યાર્થીઓના ખાતા "Dormant / Freeze / Inactive "થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા/IFSC Code ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેવા વિદ્યાર્થીઓને અગાઉની પધ્ધતિ મુજબ બેંક ડ્રાફ્ટ મળી શકશે નહિ તે અંગેની જાણ સંબધિત આચાર્યશ્રીને કરવાની રહેશે.

જીલ્લા શિક્ષણાધિકારી કચેરી
અમરેલી
આવક ક્રમાંક: ૧૨૬૨
શાખાનું નામ: ગ્રામભ્ક
તારીખ: ૦૭/૦૮/૨૦૨૦
સહી:

Scanned with CamScanner

જે વિદ્યાર્થીઓના ખાતા "Dormant / Freeze / Inactive " થયેલ હશે કે જે વિદ્યાર્થીઓની બેંક ખાતા/IFSC Code ની વિગતો ખોટી નાખવામાં આવેલ હશે તેની વિગતો જે તે આચાર્યશ્રીએ શાળાના લોગીનમાં જઇ ને "Utility ➔ Update Payment Failed Student Account "મેનુમાંથી સુધારવાની રહેશે અને હાયર ઓથોરીટીને સેન્ડ કરવાની રહેશે. (જે વિદ્યાર્થીઓના ખાતા "Dormant / Freeze / Inactive" થયેલ હોય તેવા વિદ્યાર્થીઓના ખાતા સંબધિત બેંકનો સંપર્ક કરી Active કરાવવાના રહેશે. જો ખાતા Active કરાવ્યા વગર ફરી હાયર ઓથોરેટીને સેન્ડ કરી દેવામાં આવશે તો તેવા વિદ્યાર્થીઓને ફરી ઓનલાઇન પેમેન્ટ થઇ શકશે નહિ. )

વધુમાં વિદ્યાર્થીઓના બેંક ખાતાની વિગતો સમયમર્યાદામાં સુધારવામાં આવશે નહિ તો તેવા વિદ્યાર્થીઓને શિષ્યવૃતિનુ ચુક્વણું થઇ શકશે નહિ તે અંગેની માહિતી તમામ આચાર્યશ્રીઓને તાત્કાલિક આપવાની રહેશે અને સમયમર્યાદામાં આવા વિદ્યાર્થીઓના ખાતાની વિગતો અપડેટ થઇ જાય તે મુજબનુ આયોજન કરવાનું રહેશે. આમ તમામ જિલ્લા અધિકારીશ્રીઓને ઉક્ત બાબતો ધ્યાને લઇ સમયમર્યાદામાં દરખાસ્તો મોકલી આપવા તેમજ વિદ્યાર્થીઓના ખાતા અપડેટ કરવા અંગેની કામગીરીનુ આયોજન કરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા., ગાંધીનગર

---

પરિપત્ર નં. ૫૪૧

ક્રમાંક:-પ્રાથમિક/સાયકલ સહાય યોજના/૨૦૨૦-૨૧
જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી.
અમરેલી. તા. ૦૬/૦૮/૨૦૨૦

- નકલ રવાના જાણ સારૂ.

**જિલ્લા શિક્ષણાધિકારી**
**અમરેલી કોડ નંબર – ૨૮**

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યાશ્રી
આ જિલ્લાની તમામ ગ્રાન્ટેડ/નોનગ્રાન્ટેડ/સરકારી માધ્યમિક શાળાઓ.
અમરેલી જિ. અમરેલી

Scanned with CamScanner